# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

## કોમન એન્ટ્રન્સ ટેસ્ટ-2024-25 પરીણામ જાહેરનામું

## Common Entrance Test (CET) 2024-25 Result Notification

જાહેરનામાં ક્રમાંક:રાપબો/CET/2024/4961-5047 તા: 15/05/2024

રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તા.25/01/2024ના જાહેરનામા ક્રમાંક:રાપબો/CET/2024-25/566-653થી જ્ઞાનશક્તિ રેસીડેન્સિયલ સ્કુલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સિયલ સ્કુલ્સ, રક્ષાશક્તિ સ્કુલ્સ અને મોડેલ સ્કુલ્સમાં કોમન એન્ટ્રન્સ ટેસ્ટના (CET) મેરીટના આધારે ધોરણ-6માં પ્રવેશ તેમજ જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટનું આયોજન તા.30/03/2024ના રોજ 10.30 થી 1.00 કલાકે રાજયના તમામ જિલ્લાઓમાં કરવામાં આવેલ હતું.

આ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી તા.06/04/2024ના રોજ કચેરીની વેબસાઇટ www.sebexam.org પર મુકવામાં આવેલ હતી અને આ પરીક્ષાના કોઇ પ્રશ્ન / પ્રોવિઝનલ આન્સર કી ના ઉત્તર સામે ઉમેદવાર રજુઆત કરવા માગતા હોય તો નિયત પત્રકમાં તા.06/04/2024 થી તા.12/04/2024 સુધી તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારો સાથે કચેરીના ઇ-મેઇલ એડ્રેસ sebg.query@gmail.com પર મોકલી આપવા સુચના આપવામાં આવેલ હતી.

ઉમેદવારો દ્વારા પેપરના કોઇ પ્રશ્ન / પ્રોવિઝનલ આન્સર કી ઉત્તર સામે મળેલ તમામ રજુઆતોને તજજ્ઞ સમિતિ સમક્ષ મુકવામાં આવેલ હતી. તજજ્ઞ સમિતિ દ્વારા તમામ રજુઆતો અને આધારોની ચકસણી કર્યા બાદ આ પરીક્ષાની ફાઇનલ આન્સર કી કચેરીની વેબસાઇટ www.sebexam.org પર મુકવામાં આવેલ હતી.

રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.15/05/2024 (બુધવાર)ના રોજ **"કોમન એન્ટ્રન્સ ટેસ્ટ-2024 (CET)" નું પરીણામ જાહેર કરવામાં આવે છે.**

❖ **પરીણામનો વિગતો**

| Marks | Male | Female | Total |
|---|---|---|---|
| **0 To 39** | 152191 | 147238 | 299429 |
| **40 To 44** | 29424 | 32733 | 62157 |
| **45 To 49** | 19405 | 22184 | 41589 |
| **50 To 54** | 14585 | 16665 | 31250 |
| **55 To 59** | 11457 | 12689 | 24146 |
| **60 To 64** | 9347 | 9850 | 19197 |
| **65 To 69** | 7536 | 7505 | 15041 |
| **70 To 74** | 6176 | 5712 | 11888 |
| **75 To 79** | 5023 | 4337 | 9360 |
| **80 To 84** | 3889 | 3158 | 7047 |
| **85 To 89** | 3048 | 2243 | 5291 |
| **90 To 94** | 2233 | 1466 | 3699 |
| **95 To 99** | 1509 | 936 | 2445 |
| **100 To 104** | 907 | 455 | 1362 |
| **105 To 109** | 373 | 186 | 559 |
| **110 To 114** | 106 | 44 | 150 |
| **115 To 120** | 2 | 3 | 5 |
| **Total** | **267211** | **267404** | **534615** |

- કોમન એન્ટ્રન્સ ટેસ્ટ –2024 માં બેસનાર વિદ્યાર્થીઓની કુલ સંખ્યા 534615
- આ પરિણામમાં કુલ **273** શાળાઓના **301** વિદ્યાર્થીઓ **90 %** (108 કરતા વધુ ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે.
- આ પરિણામમાં કુલ **2505** શાળાઓના **3961** વિદ્યાર્થીઓ **80 %** (96 કરતા વધુ ગુણ ) કરતા વધુ ગુણ મેળવેલ છે.
- આ પરિણામમાં કુલ **6685** શાળાઓના **14711** વિદ્યાર્થીઓ **70 %** (84 કરતા વધુ ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે.
- આ પરિણામમાં કુલ **12385** શાળાઓના **36708** વિદ્યાર્થીઓ **60 %** (72 કરતા વધુ ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે.
- ઉપરોકત વિગતો જોતાં મેરીટ યાદીમાં 50% (60 કરતા વધુ ગુણ) કરતા વધુ ગુણ મેળવનાર 18987 શાળાના 76044 વિદ્યાર્થીઓ પૈકીના વિદ્યાર્થીઓનો સમાવેશ સંભવતઃ થશે.
- ઉપરોકત રક્ષાશક્તિ સ્કુલ્સમાં 25 % ખાનગી શાળાના વિદ્યાર્થીઓ એટલે કે, અંદાજીત 175 ખાનગી શાળાના વિદ્યાર્થીઓનો સમાવેશ થશે

સંબંધિત કચેરી દ્વારા ટુંક સમયમાં વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

આ પરિણામની યાદીના વિદ્યાર્થીઓને જે તે યોજના અંતર્ગત સરકારશ્રીના ઠરાવો અને પ્રવર્તમાન નિયમો/જોગવાઇ અનુસાર સંબંધિત કચેરી દ્વારા આપવાના થતા લાભ અંગેની આગળની આનુસાંગિક કાર્યવાહી કરવામાં આવશે અને મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. મેરીટ યાદીમાં સમાવેશ થયેથી યોજનાનો લાભ મળશે જ તેવો દાવો કરી શકાશે નહિ.

વિદ્યાર્થી www.sebexam.org website થી પોતાનું પરિણામ જોઇ શકશે તેમજ પોતાની શાળા મારફત એટેન્ડસ પોર્ટલ પરથી પણ પરિણામ જાણી શકશે.

સ્થળઃ-ગાંધીનગર.
તા.15/05/2024

(પી.કે.ત્રિવેદી)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ,
ગાંધીનગર.

**<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :</u>**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. સચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- માન.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારી, તમામ.